श्री भद्रकाळीयें नमः

श्री भद्रकाळीनी स्तुति

नां गायनो.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.
સોની જીણાભાઈ પરસોતમ પટણી.

આવૃતી ૧ લી   પ્રત ૫૦૦

અમદાવાદ.

પાનકોરને નાકે ઘાંચીની વાડીમાં
'એંગ્લો વર્નાક્યુલર પ્રિન્ટીંગ પ્રે'મા
નથુભાઇ રતનચંદ મારફતીઆએ છાપ્યાં.

કિંમત ૦—૧—૦

સંવત ૧૯૫૮   સને ૧૯૦૨

જાહેર ખબર.

સુજ્ઞ ભદ્રકાળી ભકતો ! આ જગતમાં સર્વે મનુષ્યને તથા બાનુઓને ભક્તી ઉપર પ્રેમ છે અને ઘણા શોખીન સ્ત્રી પુરૂષોને રાગ રાગણીનાં નાટક કોઇ જગાએ જોવાનાં હોય ત્યાં ઘણી ખુશી ઉત્પન્ન થાય છે પણ એવું ધારતું કે જે પ્રમાણે રાગ રાગણીનાં નાટકની રમત ગમત માં જેવું લક્ષ આપો છો તેવુંજ ભક્તિમાં ધ્યાન રાખો તો નિશ્ચય મોક્ષ ગતીને પામો. માટે ભક્તિમાં ધ્યાન રાખો જેથી આ કાયાનું કલ્યાણ થાય ને અંતની વખતે દુખી ન થતાં માજીના દરબાર પામો તેમાં કાંઇ સંશય નથી કહેવત છે કે—

તુલસી આ સંસારમાં, ભાતભાતકે લોક;
સબસે હળીમળી ચાલીયે, નદી નાવ સંજોગ.

ઉપરના દાખલા ઉપર ધ્યાન રાખવું કે દરેક મનુષ્ય એક પ્રકરતીના હોતા નથી અનેક પ્રકરતીના છે. માટે કોઇને કેવું જ્ઞાન છે કોઇને કેવું જ્ઞાન છે પણ ટુંકમાં એટલુંજ કે સઘળે સંપીને રહેવું ને માતાની ભકતીમાં ધ્યાન રાખવુ. એજ વીનંતી.

વિનંતી.

સર્વે સદ્‌ગૃહસ્થો અને બાનુઓને અરજ કરવાની એ છે જે
આ ગ્રંથ કે જેનું નામ શ્રી'ભદ્રકાળીની સ્તુતી છે' તેની અંદર જે જે
ગાયનો રચ્યાં છે તે મારી અલ્પમતીથી રચ્યાં છે તેમાં જે ભુલ ચુક
હોય તો ભુલ ચુક સુધારવાને દરેક સદ્‌ગૃહસ્થને નમ્રતા પૂર્વક વીનંતી
કરૂં છું કારણ કે જે પ્રમાણે મારી બુદ્ધી પોહોચી તે પ્રમાણે મેં મા
જીની શેવાની સ્તુતીનાં ગાયન રચ્યાં છે અને વળી એવી મતલબમાં
કે જેથી કરીને હાલના વખતમાં દરેક શોખીન પ્રજા નાટકનાં ગાય-
ન ઉપર જેમ પ્રેમ દરશાવે છે તેવોજ પ્રેમ માજીની શેવામાં અથવા
તેની જે ચોપડીની નકલો છપાએલી છે તેના વીશે લક્ષ આપે તો
કેવું સારૂં અને સારે રસ્તે ચાલી સારા કામનો લાભ મેળવવો તે
બહુ મુશ્કેલ છે. એજ અરજ.

લી. માજીનો પ્રેમી ભક્ત સોની જીવાભાઈ પરશોતમ.

ભૂલ ચુક માફ કરશોજી.

श्री भद्रकाल्यै नमः

श्री भद्रकाळीनी स्तुतिनां गायनो.

ગાયન ૧

જય જય જય માત દયાળી, દેવી રક્ષા કરો ભદ્રકાળી;
મારાં બંધુના કષ્ટ મા કાપો, ચરણકમળની શેવામાં સ્થાપો.

ગાયન ૨ જુઓ અંબા દયાળી. એ રાગ.

શ્રી ભદ્રકાળી ભોળી, છે ત્રી સોચનવાળી;
દરશન કરો નિહાળી, આનંદમાં રહો માળી.
ખડગ ત્રીશુળ ધારી, દરશન કરો નરનારી;
ચીતનાં માજી પ્યારી, ઉદ્યોગ નરો વધારી.
ચાલો સખી આજે, દરશન કરવાને કાજે;
વદો ગુણ ધર્મ કાજે, સમરણ કરોને આજે.

ગાયન ૩ ડરે ન માતુ મારી એ રાગ.

ચાલો સખી આવ્યાં ભદ્રકાળીને દુવાર,
પુજન અર્ચન થાળ ધરીને;
સજીએ પુષ્પોના શણગાર.
શણગાર સખી આવ્યાં ભદ્રકાળીને દુવાર.
હળી મળી આજે દરશન કરીએ;
ગુણ ગાઓ નરનાર.
નરનાર સખી આવ્યાં ભદ્રકાળીને દુવાર.

ગાયન ૪ પંખીડા પાંખો એ રાગ.

ભજો ભજો ભાવેથી માતરે, જેથી થાય સફળ જીંદગાની;
તારો તારો ભદ્રકાળી માતરે, કરો મારી સફળ જીંદગાની.
મહીશાસુર આદી દૈત્ય સંહારી, ભાર ધરાનો તે દીધો ઉતારી;
દરશન કરે મૈયા સહુ નરનારી, કેવાય કળી માતુ કાળીરે. મારી.
વારે વારે તમારો આ દેહરે, ફરી ફરી નથી મળનારો;
જય જય આદ્ય ઇશ્વરી, નમે બાળ તેને તે ઉગારો.

ગાયન ૫ રાગ, મને સહાય કરશે

દેવી મારે ચડોને અમારી, દીશે ભદ્ર ભયંકર ભારી;
વીધ વીધ રૂપ ધર્યા ભુતળ ભાર હર્યાં,
દુષ્ટ અસુરોને મારી.— દેવી૦
માજીને માટે ભોગ સારા ધરી ભજુ નીત્ય મમ સુખકારી,
ભદ્રકાળી માંજી મારી, છીએ મા શરણે તારી— દેવી૦

ગાયન ૬ રાગ સનનન શોહે

ભજો ભજો ભાવે શ્રી ભદ્રકાળી નામ,
માંડીનાં [illegible] વારી વારી જાઉં.—ભજો૦
એકતો શોહે માને નાકે નથની,
બીજો નિહાળુ શૃંગાર મારી હામ;

ત્રીજે બીરાજે માને ખડ્ગ ત્રિશૂળ,
પ્રેમે પાયે પડું સુંદર મુરતી શ્યામ—ભજો

ગાન ૭ રાગ શાવરીઆ મોરા

નામ તારૂં લાગે પ્યારૂં રે, પ્રખ્યાત પરદેશ
પ્રખ્યાત પરદેશ (૨) કાનુમે કુંડળ ગળે મોતીકી માળા.
આબું માતાજી તારે દેશ. પ્રખ્યાત પરદેશ.—ના.

ગાયન ૮ રસિક મન માન્યા વિના.

ભદ્ર નામ ભજ્યા વિના એળે જનમારોરે,
પ્રેમે ભજોને ઇશ્વરી દીન દયાળીરે,
ભવ તરવાને માટે ભજોને ભાવથીરે.
વીનવે સર્વ મળી સગાથ, ભોળી માતનેરે,
દીસે કાળી માત દયાળી, કરજ્યમાં મેં નજરે ભાળી;
દર્શન કદી ન ચુકેરે, ભાવિક ભકતોરે,
ભદ્રકાળી જુઓ ન્યાળી, કેવી દીસે છે માત દયાળી.
નમન કરો પ્રીતથીરે, સર્વ મળી સાથેરે,

ગાયન ૯ રાગ સુંદીર સામળીયા.

મનહર મા કાળી સુંદર મુખ [illegible]ાર
આનંદ વ્યાપો આજે દર્શન કરી તારૂં.—મન૦
અસુર નીકંદનના કરનારા,

ભક્ત જનોની વારે થનારા;
ખડગ ત્રિશુળના ગ્રહનારા,
માથે મણી મુગટ ધરનારા:
ધ્યાન ધરૂં નિત્ય તમારૂં—મનહર૦

ગાયન ૧૦ રાગ. બંસીવાળા

ખડગ ત્રિશુળ ધારી તારી લીલા અપરંપાર,
ખડગ ત્રિશુળ ધારી માજી મારી ખડગ ત્રિશુળ ધારી;
માથે મણીનો મુગટ ધરાવી,
ચંદનની આડ લલાટે કરાવી;
શોભા કરે બેઠા સૌ નરનારી,—ખડગ.
માજીના કૃત્યોના ગુણ શું ગાવું.
પાયે પડી હું તો થાળ ધરાવું.
કરૂં દીનરાત સેવા તમારી.—ખડગ.
કરજોડી કહે દાસ તમારો,
કળી કાળમાંથી તમે ઉગારો,
દીસે ભયંકર સુરતી મા તારી—ખડગ.

[illegible] ૧૧ રાગ શું શરમાવો.

પ્રીતેથી આવો, [illegible] સૌ આવો, [illegible] મારે [illegible]
દીસે દયાળી ત્રિશુળવાળી મા [illegible]વાળી મારે પા,

આ જીંદગાની સફળ કરોની;
સહાય કરી, દેવી જરી,
જાઓ જાઓ સજનો જઇ ગુણ ગાઓ,
દયા કરી દેવી જરી બાળ બચાવો. પ્રીતે૰

ગાયન ૧૨

માજી શરણે છે બાળ તેને તું તો સંભાળ.
કરી કળીનો કાળ મા અમને બચાવ;
દેખી માજીનું મુખ થયું અમોને સુખ,
સર્વ ગયું મારૂં દુઃખ મા અમને બચાવ.
દીઠી મુરતી મેં શ્યામ નહી બેસે કાંઇ દામ,
રાખો દરશનની હામ મા અમને બચાવ;
માજી સેવાની આશ રાખે તારો આ દાસ,
રાખી તેને તું પાસ મા અમને બચાવ;
મંગાયા મેહેર કર ટાળ કળીનો કેર,
વરસાવે છે જેર મા અમને બચાવ;
ધરો માતાજીનું ધ્યાન, ભવ તરવાનું ગ્યાન,
એજ સુખ સાધન મા અમને બ૰ ૫

ગાયન ૧૩ ડરમા તું દિલ સાવ૰

જગમાં છો પ્રખ્યાત માજી મારી, જ૰ ભદ્રકાળી સાક્ષાત મા. જ.

આવો સૌ આજે દર્શન કરીએ, માના મંદીરની શોભા શું કહાવું.
નીત નીત્ય નવા હાર ગુંથાવું, ફુલોની આંગી માજીને ચઢાવું;
ભાત ભાતના નિવેદ ધરાવું, દર્શન કરો નર નાર. માજીના. ૬. મા.

ગાયન ૧૪ રાગ પાતળીયા પરીશ્રમ લ્યો.

મુરખડા ભાન ભુલ્યા તું શાને શીદ ફસો મોહજાળમાં મોહજાળમાંરે,
પાપી પ્રાણી આ તું ધ્યાન ધરીને, ભજને ભાવે માત ભાવે માતનેરે,
પ્રીતેથી નમવું ધ્યાન તો ધરવું પુજન કરવું આ......ભગવતીકેવીસતી
શેવા કરો પ્રીતે ભદ્રકાળીની જેથી થાય કલ્યાણુ થાય કલ્યાણુરે.
પુજન અર્ચન થાળ ધરીને, કરો માજી પ્રસન્ન માજી પ્રસન્નરે;
ભાવેથી ભજવું રટણુ કરવું વંદન કરવું આ......શેવે બાળ તું સંભાળ
ભકિત કરે મેવા જે નરનારી તેને તું સંભાળ તું સંભાળરે—મુરખડા

ગાયન ૧૫ રાગ બસ ચલાઉ સબપર

માજી દુઃખો આ થાય ન અમે સહન,
અમે સહન માજી અમે સેહન; મા૦
દુષ્ટ [illegible] કરીને,
પીડાય માજી અનેક જન. મા૦
આર્ય બધુના કુસંપે કરીને,

ધન ધાન્યથી દુઃખી અનેક જન, મા૦
સહાય કરો મૈયા દામર બનાવીને;
ભાવેથી કરીએ મા તારૂં ભજન. મા૦

ગાયન ૧૬ સેયર સ્યામ સુલક્ષણા

ચાલો ચાલોને સજ્જનો આજ, દર્શ કરો દેવીનું દેવીનું
જેથી થાશે સફળ દીન આજ, ગા તુને શેવીતું શેવીતું.
દીન દીન થાશે ચડતી શત્રુની ચીંત લેજો નામ,
મારૂં મારૂં સૌ જન છોડો, હૈયે રાખી હામ.—દર્શનકરો દેવીનું.
મંદીર મધ્યે દેવીને............નીરખો સૌ જન આજ
નીતિ સાચી રાખીને............કરો સૌ શુભ કાજ.—દર્શન.

ગાયન ૧૭ રાગ રૂડા દિસો છો રાજવી.

રૂડા દીસે છે ભદ્રકાળીરે, મુરતી શોભે સ્યામ સરૂપથી:
માજી બેઠા છે મંદિર માંયરે, મુરતી શોભે સ્યામ સરૂપથી. રૂ.
ખડગ ત્રિશુળ દેવી ગ્રહીને ઉભા.
ભકતોના પ્રાણ આધાર નમીએ માતજીને આચાર.—રૂડા૦

સાખી.

કાને કુંડળ શોભતાં સુંદર શ્યામ સ્વરૂપ,
ભક્તિ કરો જન પ્રીતથી, [illegible] ...ત ...નુપ,
...ા ચાલોને જઇએ આનંદ ભેરથીરે,
પ... લાગીયે માજીને પ્રીતિ ભાવથીરે;

કેશ. દીસે છે શણગારૂરે, મુરતી શોભે શ્યામ સ્વરૂપની.—રડા૦

ગાયન ૧૮ રાગ રંગે ભર્યા આવો.

હર્ષ ભર્યા શેવા શેવા માઇને આણંદેથી ગુણ ગાઇએ.

ભજ્જે ભાવેથી આદ્ય શકતીને પ્રેમેથી નમન કરીએ,
પુજન અર્ચન ધુપ કરીને પુષ્પોના હાર પેરાવીએ.

ભાવના ભુખ્યા જમો માતાજી હેતેથી થાળ ધરાવીએ,
બરફી પેંડા ખાજા જલેબી મેસુર માને જમાડીએ,

થાળ જમો ધીરે ધીરે માતાજી સુખડી સારી કરાવીએ,
કરે વીનંતી દાશ તમારો પ્રેમેથી પાન ખવારીએ.

આશ પુરો ભદ્રકાળી અમારી ચર્ણ શેનામાં રાખીએ,

ગાયન ૧૯ રાગ જંજાળી જીવડા શાખી નથી.

છોડી દે મમતા હું પદ કરી શું રહ્યો.

જાતું છે જીવડા તારૂં મારૂં કરી રહ્યો. છો.
ભજીલે ભૂંડા ભાવથી માને સંભારો,
ફશાયો પ્રાણી બાંધ જાળ મા ઉમારો. છો.
જવું છે નકી ભાવેથી ભજલે ભુંડા.
મેલી દે મમતા ભરીને પાપના જુડા. છો.

ગાયન ૨૦ રાગ ખબર પ્રથમથી.

નજર પ્રથમમાં ગાડા ન સુજને ભકતી તણી જે આ તારી,
નમું પ્રીતે તુંને દેવી. સ્હાય કરો તમે મહાકાળી. ન.

વંદન કરોને શુધ વીચારે ભકતી કરો સઉ માની આ,
અરે તું ભુલ્યો શું માનું ધ્યાન તું ભજ્જેને દેશે મા ભવતારી.
રટણ ભુલ્યો નથી માડી સ્વપ્નને, આફત આવે કદી શીર આ,
અરે આ ભુલો દાં ભજીમા દુખ હરતાં ભજન કરીએ મા તારૂં. ન.

ગાયન ૨૧ રાગ નાચે ઘુમ ઘુમ.

જયકર સુખકર દુખહર [illegible]
નમે પ્રીતે સઉ નરનારી   જય જય જય ન.
દુખ કાપ ધરી પ્રેમ [illegible],
સજન વદે શકિ સાથ મળી,
નમે બાળ તું સંભાળ નમે બાળ તું સંભાળ જયકર
આ હર્ષથી આપ ઉગારો,
દયા કરીને ભવજળ તારો, જગજનવરય નમે પ્રીતે

ગાયન ૨૨ રાગ મા પાવા તે ગઢ.

આવો આવોને માજીને દ્વાર દરશન કરવારે,
જેથી થઈએરે પાવન આજ નરને નારીરે.
ગાઓ ગાઓ પ્રીતેથી ગુણ આનંદકારીરે,
ભોળી ભદ્ર દીશે છે માત દીન દયાળીરે,
જેના દરશનથી જારે દુખ કારંજવાળીરે,
માને બાંયે છે બાજુબંધ બેરખા સારારે,
જગમગ થાએ કુંડળ અણુવટ વાળીરે,
થાએ ઝાંઝરનો જમકાર. કડલા કાંબીરે,
ખડક ત્રીશુળ ધારી હાથ આદ્ય ભવાનીરે,
દીશે કેવો માને શણગાર શોભા સારીરે,
લાગે ત્રીલોચનનો તાપ નમે નરનારીરે
જાશે દરશનથી સઉ પાપ ભજો
કહે માજી તમારો દાશ શરણે રા
[illegible] થી થાએ શફળ સઉ કાજ જય જ. બોલોરે

જાહેર ખબર.

સરવે દેવી ભકતને અને શાણા શોખીના સજ્જનોને જ કરવામાં આવે છે કે આ પુસ્તક અમારી પાસેથી નીચે જણ ઠેકાણેથી મળશે માટે જે સાહેબોને જોઇતી હોય તેમણે રોકડી તેથી મંગાવી લેવા. બાહારગામના લોકોએ પોસ્ટપેજ સાથે દાદ નાની ટીકટ મોકલવાથી તુરત ચોપડી મોકલી આપીશું. હરેક પ્રકારનો પત્ર વેહેવાર નીચલે શરનામે કરવો નોટપેડ પત્ર લેવામાં આવશે નહી.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

અમદાવાદ—પાનકોરને નાકે સોની છગનભાઇ પરશોતમ કર્તા પાસેથી.

માણેકચોકમાં ચોકસી નાગરદાસ શામજીની દુકાનેથી

ચીતીવાડી સામે રાણપુરવાળા સોની લલુભાઇ ફુલચંદ

ની દુકાને પાસે

ગૌના મંદીરમાંથી મળશે.

શ્રી ભદ્રકાળીના મંદીરમાંથી પણ મળશે.